૧૩ જું નાંણાપંચ ૧૧-૧૨ ના હુકમો ૨૫૨

તેરમા કેન્દ્રીય નાણાંપંચની ગ્રાંટનાવપરાશ બાબત

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃટીએફસી/૧૧૨૦૧૦/૨૧૦૮/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧/૧૨/ ૨૦૧૦

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના નાણાં મંત્રાલયના(ખર્ચ વિભાગ)ના તા.૧૫-૭-૨૦૧૦ના પત્ર ક્રમાંક;-એફ-૧૨(૩)/એફસીડી/૨૦૧૦

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરખા ક્રમાંકનો તા.૨૭/૭/૨૦૧૦નો પત્ર

(૩) નાણાં વિભાગના તા.૨-૮-૨૦૧૦નો પત્ર ક્રમાંક;-ટીએફસી/૨૦૧૦/૨૯૯/એફઆર

(૪) ભારત સરકારના નાણાં મંત્રાલયના(ખર્ચ વિભાગ)ના તા.૨૩-૯-૨૦૧૦ના પત્ર ક્રમાંક;-૧૨(૨)/ એફસીડી/૨૦૧૦

આમુખ:-

૧૩ મા કેન્દ્રીય નાણાં પંચનો અહેવ.. ભારત સરકારે સ્વીકારેલ છે. તદનુસાર ૧૩ મા નાણાં પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકાર તરફથી નાણાંકી. વર્ષ ૨૦૧૦-૧૧ થી જનરલ બેઝીક ગ્રાંટના પ્રથમ હપ્તાની રકમ નિયત થયેલ ફોર્મ્યુલા મુજબ તમામ સ્થાનિ.. ..રાજયની સંસ્થાઓને તબદિલ કરી દીધેલ છે. આ રકમમાંથી કરવાના કામો નિયત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ;-

ભારત સરકારના નાણાં મંત્રાલયના (ખર્ચ વિભાગ)ના તા.૨૩-૯-૨૦૧૦નો પત્ર ક્રમાંક:-૧૨(૨)/ એફસીડી/૨૦૧૦ થી મળેલ માર્ગદર્શક સુચનાઓ તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને પરિપત્રિત કરવામાં આવેલ છે. આ માર્ગદર્શક સુચનાના નીચે મુજબના નિર્દિષ્ટ કામો તેની અગ્રતાને ધ્યાને લઇ નીચેની શરતોએ ખર્ચ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

1 વોટર સપ્લાય
2 સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ
3 ડ્રેનેજ
4 સેનીટેશન
5 ઇ-ગર્વનન્સ
6 ટ્રાન્સપોર્ટેશન
7 સેલેરી એન્ડ વેજીસ
8 ફાયર સર્વિસ
9 અન્ય

ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ
ગાંધીનગર
1 9 DEC 2010
૭૨૨

૨૮.૧૨/૧૦

નગરપાલિકાઓના કિસ્સામા પાણી પુરવઠા, ડ્રેનેજ અને સેનીટેશનના ખર્ચનું મહદ્અંશે આયોજન રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અને નિર્મલ શહેર જેવી યોજનાઓમાંથી કરવામા આવેલ છે.આથી નગરપાલિકાઓ તે સિવાયના કામો અગ્રતાના ધોરણે હાથ ધરી શકશે

શરતો :-

(૧) તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓને એકાઉન્ટીગ સીસ્ટમ પ્રમાણે હિસાબો અને તેના કોડની પેટન્ટ એક સરખી નિભાવવાની રહેશે.

(૨) નિયત નમુના (સામેલ છે) માં ઉપરાશી પ્રમાણપત્ર ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને મોકલવાના રહેશે અને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ સંકલિત પ્રમાણપત્ર નિયત સમયમર્યાદામાં વિભાગને મોકલવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ.એમ.ઓઝા)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- સર્વે અધિકારીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગર
- કમિશનરશ્રી સર્વે મહાનગરપાલિકા
- સર્વે કલેકટરશ્રી
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ
- સર્વે નગરપાલિકા.
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ.